Sepsis and cancer: Gujarati

# સેપ્સિસ અને કૅન્સર

કૅન્સર અને કેટલીક કૅન્સરની સારવારથી તમને સેપ્સિસ થવાનું જોખમ વધી શકે છે. આ પત્રિકા સમજાવે છે:

- સેપ્સિસ શું છે
- તમારે તમારી હૉસ્પિટલની ટીમનો સંપર્ક ક્યારે કરવો જોઈએ
- પોતાને સુરક્ષિત રાખવા તમે શું કરી શકો છો.

નીચે લીટી કરેલા શબ્દો અંતમાં આપેલી શબ્દ સૂચિમાં સમજાવવામાં આવ્યા છે. શબ્દ સૂચિમાં અંગ્રેજીમાં શબ્દોના ઉચ્ચારણનો પણ સમાવેશ છે.

જો તમને આ માહિતી વિશે કોઇ પ્રશ્નો હોય, તો તમે જ્યાં સારવાર લઈ રહ્યાં છો ત્યાંના ડૉક્ટર અથવા નર્સ ને પૂછી શકો છો.

તમે મૅકમિલન કૅન્સર સપોર્ટ (Macmillan Cancer Support) ને અઠવાડિયાના સાત દિવસ, સવારે 8 વાગ્યા થી રાત્રે 8 વાગ્યા સુધી ફ્રી ફોન **0808 808 00 00**પર ફોન કરી શકો છો. અમારી પાસે અનુવાદક છે, તેથી તમે તમારી ભાષામાં અમારી સાથે વાત કરી શકો છો. જ્યારે તમે અમને કૉલ કરો છો, ત્યારે કૃપા કરીને અમને અંગ્રેજીમાં કહો કે તમને કઇ ભાષાની જરૂર છે.

અન્ય ભાષાઓમાં કૅન્સર વિશે વધુ માહિતી **macmillan.org.uk/translations**પર ઉપલબ્ધ છે

## આ માહિતી નીચેની બાબત વિશે છે:


- સેપ્સિસ શું છે?
- મને કેમ સેપ્સિસ થઈ શકે છે?
- સેપ્સિસ ક્યારે થઈ શકે છે?
- મને સેપ્સિસ થવાનું જોખમ શું છે?
- શું હું સેપ્સિસ રોકી શકું?
- હું મારી જાતને કેવી રીતે મદદ કરી શકું?
- કૅન્સરની સારવાર પહેલાં તમારી જાતની સંભાળ રાખવી
- કૅન્સરની સારવાર દરમિયાન તમારી જાતની સંભાળ રાખવી
- એવા ચેપના લક્ષણો જેના કારણે સેપ્સિસ થઇ શકે છે
- પાછળથી જોવા મળતા સેપ્સિસના લક્ષણો – 999 ને કૉલ કરો
- જ્યારે હું મારી હોસ્પિટલની ટીમને કૉલ કરું ત્યારે શું થશે?
- તમારા માટે યોગ્ય સંભાળ અને સપોર્ટ મેળવવો
- મૅકમિલન (Macmillan) તમને કેવી રીતે મદદ કરી શકે છે
- શબ્દ સૂચિ
- તમારી ભાષામાં વધુ માહિતી
- સંદર્ભો અને આભાર


## સેપ્સિસ શું છે?

સેપ્સિસને કેટલીક વાર રક્ત-વિષાક્તતા કહેવામાં આવે છે. તે ત્યારે થાય છે જ્યારે તમારું શરીર ચેપ સાથે પ્રતિક્રિયા કરે છે અને તેનાં પોતાનાં અંગો અને પેશીઓ પર હુમલો કરે છે.

હોસ્પિટલમાં ઝડપથી સેપ્સિસની સારવાર થવી જરૂરી છે. જો તેનો સમયસર ઇલાજ ન કરવામાં આવે તો લોકો સેપ્સિસથી મૃત્યુ પામી શકે છે

જ્યારે સેપ્સિસની સારવાર ઝડપથી કરવામાં આવે છે, ત્યારે મોટાભાગના લોકો સંપૂર્ણપણે ઠીક થઇ જાય છે

## મને કેમ સેપ્સિસ થઈ શકે છે?

કૅન્સર અને કેટલીક કૅન્સરની સારવાર તમારા શરીરને ચેપ સામે લડવામાં અસમર્થ બનાવી શકે છે.

આપણું શરીર કોષો કહેવાતા નાના મૂળભૂત ઘટકોથી બન્યું છે. આપણું રકત કોષોમાંથી બનેલું છે, જેમાં લાલ રક્તકોષો અને સફેદ રક્તકોષોનો સમાવેશ થાય છે.

એક પ્રકારનું સફેદ રક્તકોષ આપણા શરીરને ચેપસામે લડવામાં મદદ કરે છે. આ કોષો ન્યુટ્રોફિલ્સ તરીકે ઓળખાય છે. કેટલીક કૅન્સરની સારવાર આપણા શરીરમાં આ સફેદ રક્તકોષો ની સંખ્યા ઘટાડે છે. જો તમે કિમોથેરેપી લીધી હોય તો આ ખૂબ સામાન્ય છે, પરંતુ તે કૅન્સરની અન્ય સારવાર સાથે પણ થઈ શકે છે.
જો તમે આ ન્યુટ્રોફિલ્સની ઓછી સંખ્યા ધરાવતા હોવ, તો એક ક્ષુલ્લક ચેપ ખૂબ જ ગંભીર બની શકે છે. તે અમુક કલાકોની અંદર જ મૃત્યુ નિપજાવી શકે છે.

## સેપ્સિસ ક્યારે થઈ શકે છે?

આ ચેપ અથવા સેપ્સિસ કોઈપણ સમયે થઈ શકે છે. તમારું જોખમ સામાન્ય રીતે ત્યારે સર્વોચ્ચ હોઇ શકે છે જ્યારે તમારા લોહીમાં ન્યુટ્રોફિલ્સ ની સંખ્યા ઓછી હોય સચોટ સમય ભિન્ન હોઇ શકે છે, તેથી તમે ક્યારે સૌથી વધારે જોખમ પર છો તે માટે તમારી હોસ્પિટલ ટીમ ને પૂછો.

## મને સેપ્સિસ થવાનું જોખમ શું છે?

તમારા માટે ચેપ અને સેપ્સિસ નું જોખમ તમે લેતા હોવ તેવી કૅન્સરની દવાઓના પ્રકાર પર આધારિત છે. તે આ પર પણ આધારિત છે:

- તમને જે પ્રકારનું કૅન્સર હોય
- કૅન્સરનો તબક્કો
- તમારી ઉંમર
- તમારું સામાન્ય આરોગ્ય

## શું હું સેપ્સિસ રોકી શકું?

તમે શ્વેત રક્ત કોષો ની સંખ્યા ઓછી થતી અટકાવી શકતા નથી. આનો અર્થ એ છે કે તમે સેપ્સિસને રોકી શકતા નથી.

**તમે કરી શકો તેવી સૌથી અગત્યની બાબત એ છે કે જો તમે ચિંતિત હોવ તો સીધા જ તમારી હોસ્પિટલ ટીમની 24-કલાકની હેલ્પલાઇન પર કૉલ કરો.**

આ ચેપથી ગંભીર સમસ્યા વિકસવાનાં તમારા જોખમને ઘટાડે છે અને તમારા જીવનને બચાવે છે.

## હું મારી જાતને કેવી રીતે મદદ કરી શકું?

તમારે બધો વખત તમારી સાથે તમારી હોસ્પિટલ ટીમનો 24-કલાકનો હેલ્પલાઇન નંબર રાખવો જોઇએ. તમારા મોબાઇલ ફોન માં નંબર સાચવો. તમે તમારા પરિવાર અને મિત્રોને નંબરની નોંધ રાખવા માટે પણ કહી શકો છો. તમારી હોસ્પિટલની ટીમ કેન્સરની ટીમ હશે, અથવા હીમેટોલોજી ટીમ હશે, જે તમને હોય તે કેન્સરનાં પ્રકાર પર આધારિત હશે.

**વિલંબ કરશો નહીં - હંમેશાં હોસ્પિટલને પછી કૉલ કરવા કરતાં વહેલો કૉલ કરો. જો સારવાર વહેલી તકે શરૂ થાય છે તો સેપ્સિસ નો ઉપચાર સરળ છે.**

પોતાને મદદ કરવાની અન્ય રીતો પણ છે:

- તમારા પરિવાર, મિત્રો અને કાર્ય પરનાં સાથીઓને તમને સેપ્સિસ થવાના જોખમ વિશે કહો.
- તમે કેવી રીતે ઝડપથી હોસ્પિટલમાં પહોંચી શકો તેની યોજના બનાવો, ઉદાહરણ તરીકે તમારા બાળકોની સંભાળ કોણ રાખશે અથવા તમને હોસ્પિટલ જવા માટે કોણ મદદ કરશે.
- તમે લઇ રહ્યા હોવ અને તમે છેલ્લે લીધી હતી તેવી સારવારનો રેકોર્ડ રાખો.
- આ ચેપનાંપ્રારંભિક લક્ષણો ચકાસો. અમે આ માહિતીમાં આનું વર્ણન કરીએ છીએ.
- સેપ્સિસના લક્ષણો માટે તપાસો. અમે આ માહિતીમાં આનું વર્ણન કરીએ છીએ.
- જો તમને ચેપના કોઈ લક્ષણો હોય તો તાત્કાલિક તમારી કૅન્સરની ટીમને કૉલ કરો.

તે જાણવું મુશ્કેલ બની શકે છે કે તમને હોય તે લક્ષણો ચેપ છે કે સારવારની આડ અસર તમારી હોસ્પિટલની ટીમનો સંપર્ક કરવામાં મોડું ન કરો. ન તો તમે અથવા તમારા ડૉક્ટર કહી શકશો કે કયા ચેપથી સેપ્સિસ થઈ શકે છે. કેન્સરની સારવાર દરમિયાન લોકોને થતા તમામ ચેપનો તાત્કાલિક ઇલાજ કરવામાં આવે છે.
ચેપ આપમેળે મટી શકે નહીં. પ્રારંભિક ચેપની સારવાર એન્ટિબાયોટિક થી સરળતાથી થઈ શકે છે. પરંતુ ચેપની સારવારમાં વિલંબ કરવો જોખમી હોઈ શકે છે.

## કૅન્સરની સારવાર પહેલાં તમારી જાતની સંભાળ રાખવી

નીચે આપેલ વસ્તુઓ કરીને તમે સારવાર પહેલાં તમારી પોતાની સંભાળ રાખી શકો છો:

- તમારા ડૉક્ટર અથવા નર્સ સાથે ફ્લૂ (ઇન્ફ્લુએન્ઝા) રસી અને કોવિડ રસીલેવા વિશે વાત કરો. તમે જેની સાથે રહેતા હોવ તેવા પુખ્તોએ પણ આ રસીઓ લેવી જોઇએ.
- એક થર્મોમીટર ખરીદો, જેથી તમે ઘર પર તમારું તાપમાન ચકાસી શકો.
- તમે કૅન્સરની સારવાર શરૂ કરો તે પહેલાં ડેન્ટલ તપાસ કરાવો.

## કૅન્સરની સારવાર દરમિયાન તમારી જાતની સંભાળ રાખવી

તમારું જીવન સામાન્ય રીતે જીવવા માટે ડરશો નહીં. તમારે પરિવાર અને મિત્રોને ટાળવાની જરૂર નથી, અન્યથા તેઓ અસ્વસ્થ હોય. કિમોથેરેપી દરમિયાન ચેપ સામાન્ય રીતે એવા બેક્ટિરિયા દ્વારા થતા હોય છે જે કુદરતી રીતે તમારા શરીરમાં હાજર હોય છે.
નીચે આપેલ વસ્તુઓ કરીને તમે સારવાર દરમિયાન તમારી પોતાની સંભાળ રાખી શકો છો:

- અસ્વસ્થ હોય તેવા લોકોને ટાળો, ઉદાહરણ તરીકે કોરોનાવાયરસ, અછબડા, દાદર, અતિસાર અથવા તાવ ધરાવતા લોકો.
- જો તમે ચેપ ધરાવતા લોકોનાં સંસર્ગમાં આવ્યા હોવ તો તમારી હોસ્પિટલની હેલ્પલાઇન પર કૉલ કરો.
- તમારા આહાર વિશે તમને જે સલાહ આપવામાં આવે છે તેનું પાલન કરો. બધા દર્દીઓએ તેમના આહારમાં ફેરફાર કરવાની જરૂર નથી. જો તમારે તમારા આહારમાં ફેરફાર કરવાની જરૂર હોય, તો તમારી સારવારની શરૂઆતમાં તમને આ વિશે કહેવામાં આવશે.
- જમતા પહેલાં અને પછી તમારા હાથ ધોવો અને શૌચાલય નો ઉપયોગ કર્યા પછી તમારા હાથ ધોવો.
- પ્રાણીના ગોબર ને સ્પર્શ કર્યા પછી અથવા સાફ કર્યા પછી સીધા જ તમારા હાથ ધુઓ.
- બાગકામ અને અન્ય કોઈપણ પ્રવૃત્તિઓ જ્યાં તમને ઈજા થઇ શકે છે તેના માટે સ્વચ્છ ગ્લોવ્સનો ઉપયોગ કરો.
- કોઈપણ કાપા અથવા ઉજરડાને તરત જ સાફ કરો અને તેને પ્લાસ્ટરથી કવર કરી દો.
- દિવસમાં ઓછામાં ઓછા બે વાર દાંત સાફ કરો.
- ખોરાકને યોગ્ય તાપમાને રાંધો અને ખોરાકને યોગ્ય તાપમાને સંગ્રહિત કરો.

## એવા ચેપના લક્ષણો જેના કારણે સેપ્સિસ થઇ શકે છે

જો તમને નીચેનામાંથી કોઈ ચેપ ના લક્ષણો હોય, તો તાત્કાલિક તમારી હોસ્પિટલની ટીમનો સંપર્ક કરો:

- તમે સામાન્ય કરતા ઓછી સ્વસ્થતાનો અનુભવ કરતા હોવ.
- તમારું તાપમાન 37.5°C (99.5°F) થી વધુ હોય.
- તમારું તાપમાન 36°C (96.8°F) થી ઓછું થાય.
- તમે ધ્રુજતા હોવ, ઠંડી લગતી હોય અને ગરમાવો ન મળતો હોય, જેમ કે જ્યારે તમને 'ફ્લૂ (ઈન્ફલ્યુએન્ઝા)હોય.
- તમને અતિસારહોય. આનો અર્થ એવો થાય છે કે તમે કરતા હોવ તેવા સામાન્ય કરતા વધારે ઝાડા થવા અથવા પાણીયુક્ત અથવા ઢીલા ઝાડા થતા હોય. જો તમને સ્ટોમા હોય, તો તે સામાન્ય કરતા વધારે સક્રિય હશે.

ચેપના એવા કેટલાક પ્રકારો છે જેના અન્ય લક્ષણો હોય છે જો તમને નીચેનામાંથી કોઈ ચેપનાં લક્ષણો હોય, તો તમારે તાત્કાલિક તમારી હોસ્પિટલની ટીમ નો સંપર્ક કરવો જોઈએ:

**પેશાબમાં ચેપના લક્ષણો**

- પેશાબ કરતી વખતે દુખાવો અથવા અસ્વસ્થતા (પેશાબ કરવામાં)
- સામાન્ય કરતાં વધુ વખત પેશાબ આવવો
- પેશાબ કર્યા બાદ તમારું મૂત્રાશય ખાલી ન થયું હોવાની લાગણી થવી
- તમારા મૂત્રાશયને ખાલી કરવાની રાહ જોવામાં અસમર્થ
- પેશાબ નીકળવો (અસંયમ)
- તમારા પેટ (ઉદર) ના નીચેના ભાગના વિસ્તારમાં દુખાવો
- પેશાબ જે ચોખ્ખું ન હોય અથવા દુર્ગંધ યુક્ત હોય, અથવા તેમાં લોહી હોય.

**છાતીમાં ચેપના લક્ષણો**

- શ્વાસ ચઢવો
- છાતીમાં બળતરા થવી
- લીલા કફની ઉધરસ.

**ત્વચા ના ચેપના લક્ષણો.**

- લાલાશ, ગરમી, સોજો અથવા પીડા (ખાસ કરીને પીઆઈસીસી લાઇન, મધ્ય લાઇન, કાપા અથવા ઘાની આસપાસ).

**દાંતમાં ચેપના લક્ષણો**

- તમારા દાંત અથવા પેઢામાં દુખાવો જે એકાએક શરૂ થઇ શકે છે અને ધીમે ધીમે વણસી શકે છે
- દુખાવો કે જે તમારા કાન, જડબાં અને ગળામાં તે જ બાજુ એ થાય જે બાજુ પીડાદાયક દાંત અથવા પેઢા છે
- તમારા ચહેરા પર લાલાશ અથવા સોજો.

## પાછળથી જોવા મળતા સેપ્સિસના લક્ષણો – 999 ને કૉલ કરો

જો તમને પાછળથી થતા સેપ્સિસના લક્ષણો હોય, તો તમારે તરત જ તબીબી સહાયની જરૂર છે. તમારા જીવનને બચાવવા અને તમારા શરીરને થતા નુકસાનને રોકવા માટે તમારે તબીબી સહાયની જરૂર છે.

જો તમને એમાંના કોઈપણ લક્ષણો હોય, તો 999 પર કૉલ કરો:

- અસ્પષ્ટ વાણી અથવા મૂંઝવણ
- અતિશય ધ્રુજારી અથવા સ્નાયુઓમાં પીડા
- આખા દિવસમાં પેશાબ ન થવો
- તીવ્ર શ્વાસ ચઢવો
- ડાઘવાળી અથવા ફીકી ત્વચા
- સામાન્ય રીતે ખૂબ જ અસ્વસ્થતા અનુભવો - તમે કદાચ સૌથી ખરાબ અનુભવી હોય તેવી અસ્વસ્થતા.

## જ્યારે હું મારી હોસ્પિટલની ટીમને કૉલ કરું ત્યારે શું થશે?

**ટેલિફોન પર કરાતું મૂલ્યાંકન**

તમારી હોસ્પિટલની ટીમ તમારા લક્ષણો અને તમારા તાપમાન વિશે પૂછશે. તેઓ તમને તાત્કાલિક હોસ્પિટલમાં જવા માટે કહી શકે છે અને તમારે ત્યાં રહેવું પડી શકે છે. શક્ય તેટલું વહેલું હોસ્પિટલમાં જવું મહત્વપૂર્ણ છે, જેથી જો તમને જરૂર હોય તો તમારી તપાસ થઇ શકે અને સારવાર આપવામાં આવી શકે.

**મેકમિલન ઓનલાઇન સમુદાય (Macmillan Online Community)**
તમે કેન્સરથી અસરગ્રસ્ત થયેલા અન્ય લોકો સાથે **macmillan.org.uk/community** પર પણ વાત કરી શકો છો. તમે તેને દિવસ કે રાત્રિનાં કોઇપણ સમયે ઍક્સેસ કરી શકો છો. તમે તમારા અનુભવો શેર કરી શકો છો, પ્રશ્નો પૂછી શકો છો, અથવા માત્ર લોકોની પોસ્ટ વાંચી શકો છો.

# શબ્દ સૂચિ

| **શબ્દ** | **અંગ્રેજીમાં** | **અંગ્રેજીમાં કેવી રીતે બોલવું** | **અર્થ** |
|---|---|---|---|
| અછબડા | Chicken pox | ચિકન પોક્સ | એક <u>ચેપ</u> જેનાંથી <u>તાવ</u>, ચામડીના ચકામા અને ખંજવાળ આવે છે. લોકોને સામાન્ય રીતે આ બાળપણમાં થાય છે. |
| અતિસાર | Diarrhoea | ડાયેરિયા | એટલે કે 24 કલાકમાં 4 અથવા વધુ વખત પાતળા, પાણી જેવા ઝાડા. |
| આડ અસરો | Side effects | સાઈડ ઈફેક્ટ | કેન્સરની સારવારની અનિચ્છનીય અસરો, ઉદાહરણ તરીકે વાળ ખરવા, માંદગી અથવા થાકની લાગણી. |
| એન્ટિબાયોટિક | Antibiotics | એન્ટીબાયોટિક્સ | દવા જે <u>ચેપ</u> ની સારવાર કરે |
| કિમોથેરેપી | Chemotherapy | કિમોથેરેપી | કેન્સરની એક સારવાર જે કેન્સરના કોષનો નાશ કરવા માટે દવાઓનો ઉપયોગ કરે છે. |
| કોવિડ રસી | Covid vaccine | કોવિડ વેક્સિન | એક રસી જે તમારું કોવિડ (કોરોનાવાયરસ) સામે રક્ષણ કરવામાં મદદ કરે છે. |
| કોષો | Cells | સેલ્સ | નાના બિલ્ડિંગ બ્લોક જે આપણા શરીરનાં અંગો અને પેશીઓ બનાવે છે. |
| ચેપ | Infection | ઇન્ફેકશન | જ્યારે બેક્ટિરિયા તમારા શરીરમાં પ્રવેશ કરે છે અને બીમારી નું કારણ બને છે. |

| | | | |
|---|---|---|---|
| તાવ | Fever | ફિવર | જ્યારે તમારા શરીરનું તાપમાન ચેપસામે લડવા માટે સામાન્ય કરતાં વધુ ગરમ થાય છે. આનાથી તમને પરસેવો અને નબળાઈ તથા ચક્કર પણ આવી શકે છે. |
| ન્યુટ્રોફિલ્સ | Neutrophils | ન્યુટ્રોફિલ્સ | શ્વેત રક્ત કોષનો એક પ્રકાર જે ચેપ સામે લડે છે. |
| પીઆઈસીસી (PICC) લાઈન: | PICC line | પીઆઈસીસી લાઈન: | એક પાતળી ટ્યુબ જે તમારા હાથની એક નસમાં જાય છે. તે કિમોથેરેપીઆપવા માટે વપરાય છે. એક છેડો શરીરની બહાર રહે છે. |
| ફ્લુ (ઈન્ફ્લ્યુએન્ઝા) | Flu (influenza) | ફ્લુ (ઈન્ફ્લ્યુએન્ઝા) | ફેફસાં અને વાયુમાર્ગ (આપણે શરીરમાં જે માર્ગેથી શ્વાસ લઈએ છીએ) નો ચેપ. આનાથી તમને તાવ અને શરીરમાં દુખાવો પણ થઈ શકે છે. |
| ફ્લુ રસી | Flu vaccine | ફ્લુ વેક્સિન | એવી રસી જે તમને ફ્લુ (ઈન્ફ્લ્યુએન્ઝા)થવાથી બચાવે છે. |
| મધ્ય લાઈન | Central line | સેન્ટ્રલ લાઈન | એક પાતળી ટ્યુબ જે તમારી છાતીની એક નસમાં જાય છે. તે કિમોથેરેપીઆપવા માટે વપરાય છે. એક છેડો શરીરની બહાર રહે છે. |
| મૂત્રાશય | Bladder | બ્લેડર | તમારા શરીરનો અંગ જે જ્યાં સુધી તમે બાથરૂમ ન જાઓ ત્યાં સુધી પેશાબ સંગ્રહ કરે છે. |
| રસી | Vaccine | વેક્સિન | એવી સારવાર જેનો હેતુ તમારા શરીરને કોઈ ખાસ ચેપથીરક્ષણ (રોગપ્રતિકારક શક્તિ) આપવાનું છે. તે ઘણી વાર ઇન્જેક્શન દ્વારા આપવામાં આવે છે. |

